જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૮૫/૧૭

# તાજેતરમાં ઓઢવ વિસ્તારમાં થયેલ અન્ડીટેક્ટ મર્ડરનો ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

ગઈ તા.૨૪/૧૨/૧૭ ના રોજ રાત્રીના સવા અગિયારથી સાડા અગિયારની અરસામાં ઓઢવ વિસ્તારની અંદર ઓઢવ આદીનાથ પાસે આવેલ એસ.ટી.વર્કશોપની જગ્યામાં જડેશ્વર મંદીરની પાછળ કર્ણાવતી ચોકડી પાસે જાહેર રોડ ઉપર આવેલ ઝુપડાઓમા રહેતા આ કામના ફરીયાદી હિરાભાઇ તથા તેમના પરિવારના સભ્યોને જગ્યા ખાલી કરવા સારુ એક અજાણ્યો ઇસમ તેની એક્ટીવા નંબર ૫૦૩૬ ઉપર આવી જણાઇ ધાક ધમકી આપતા ફરીયાદી હિરાભાઇ વાઘરીયા નાઓની પત્ની નારુબેન તથા તેમનો સાળો ભેરુલાલ તથા દિકરા રોશન નાએ આ જગ્યા સરકારી હોવાનુ જણાવતા આવેલ આરોપી ગુસ્સે થઇ થોડીવાર પછી પોતાના બીજા સાતેક જેટલા સાગરીતો બુલેટ તથા મોટર સાઇકલ ઉપર બેસાડી બોલાવી લાવેલ તે તમામ અજાણ્યા ઇસમોએ એક સંપ થઇ ફરીયાદી તથા તેના પરિવાર ઉપર હુમલો કરી જેમા એક્ટીવા ચાલક ઇસમ ફરીયાદીના દિકરા રોશન ઉ.વ.૧૩ ની જાઘના ભાગે ચપ્પા વડે ગંભીર જીવલેણ ઇજાઓ કરેલ જેમા તેનુ મોત નીપજેલ તેમજ ફરીયાદીના પત્ની નારુબેનને જમણા હાથના અંગુઠા પાસે તેમજ સાળા ભેરુલાલને જમણી આંખની ભમર પાસે ઇજા કરેલ અને અન્ય ઇસમોએ છુટા પથ્થરો મારી ઇજાઓ કરેલ જે તમામ ઇસમો ભાગી ગયેલ. જે સબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં ૨૭૮/૨૦૧૭ ઇપીકો કલમ ૩૦૨, ૩૨૪, ૨૯૪(ખ), ૩૩૭ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ની ફરીયાદ હિરાભાઇ ગંગારામ વાઘરીયા નાઓની ફરીયાદ અનુસંધાને ગુનો દાખલ થયેલ જે આરોપીઓ શોધી કાઢવા સારૂસંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એ.ડી.પરમાર તથા પો.ઇન્સ. એસ.એલ.ચૌધરી નાઓના સ્કોર્ડના અધિકારી તેમજ માણસો સાથે મળી સંયુક્ત ઓપરેશન હાથ ધરી આરોપીઓ શોધી કાઢવા સારુ ચક્રો ગતિમાન કરેલ. દરમ્યાન બાતમી

હકીકત મળેલ કે ઉપરોક્ત મર્ડરમા સંડોવાયેલ આરોપીઓ પૈકી ચાર આરોપીઓ (૧) અમીત ઠાકુર (૨) આકાશ ચૌધરી (૩) જાવેદ હુસેન શેખ (૪) વસીમ બલોચ નાઓ હાલમા તક્ષશીલા સ્કુલથી રીંગ રોડ તરફ આવતા ભાથીજી મહારાજના મંદિર પાસે છુપાયેલ છે. જે હકીકત આધારે સદરી ટીમના અધિકારીઓએ જુદી જુદી ટીમની રચના કરી આ મંદિરના આસપાસ કોર્ડન કરી આ ચારેય આરોપીઓને ઝડપી લીધેલ. જે આરોપીઓની પુછપરછ કરતા આરોપી નંબર (૧) અમીતકુમાર @ રવિ અવનીશસિંહ ઠાકુર ઉ.વ.૨૧ રહે એ-૭, કર્મયોગ પાર્ક, સોસાયટી ગુરુકુળ સ્કુલ સામે નિરાત ચોકડી વસ્રાલ અમદાવાદ શહેર નાઓએ જણાવેલ કે પોતે રાત્રીના પોતાના મિત્રો સાથે દારુ પીધેલ હોય અને અતિસય દારુ ના નશામાં પોતે આ કામના ફરીયાદીના ઘર પાસે ગયેલ. અને જ્યા બનેલ ઝુપડાઓ ખાલી કરવા સારુ તેઓને જણાવેલ પરંતુ સામે પક્ષેથી મને આ સરકારી જગ્યા હોય અને ખાલી નહી કરી જેથી મને ગુસ્સો આવી જતા મારા બીજા મિત્રો (૧)આકાશ બચુભાઇ ચૌધરી રહે, ૩૩૭, સમીરનગર મહેશ્વરી વિ-૨, સોસા. તક્ષશીલા સ્કુલ પાસે ઓઢવ અમદાવાદ તથા (૨) જાવેદહુસેન મહેમુદભાઇ શેખઉ.વ.૨૪ રહે,મ.નં. ૩૯૫, જનતાનગર સોસા. રામોલ અમદાવાદ (૩) અલતમસ ઉર્ફે લાલો ચૌધરી રહે, તક્ષશીલા ઓઢવ અમદાવાદ તથા (૪) લાલા ઠુલીયા રહે, ઓઢવ અમદાવાદ (૫) રવી રહે, કર્ણાવતી ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ (૬) વસીમ બલોચ રહે, જુનાગઢ (૭) મિતેશ પટેલ રહે, વસ્રાલ ચોપાટી સામે અમદાવાદ નાઓ એક એકટીવા, બે પલ્સર, એક બુલેટ ઉપર ગયેલા અને ત્યાં આ ફરીયાદી તથા તેમના ઘર ના સભ્યો સાથે ઝગડો કરેલ જેમાં મારી પાસેના ચપ્પા વડે મે આ ફરીયાદી તથા તેના દિકરા તથા તેની પત્ની ઉપર જેમ ફાવે તેમ ઘા કરવા માંડેલ અને ત્યાર બાદ અમો બધા વસ્તી ભગી થતા અમારી પાસેના વ્હીકલો લઇ ભાગી ગયેલ. આમ પકડાયેલ આરોપીઓએ ગુન્હાની કબુલાત કરેલ હોયઆરોપીઓને આ ગુનામા અટક કરવામા આવેલ છે. અને તેઓ પાસેથી ગુનાના વખતે વાપરેલ સાધનો પૈકી બુલેટ નંબર વગરની તેમજ પલ્સર જેનો નંબર જીજે.૨૭.બીજે.૨૯૧૭ ની કબ્જે કરવામા આવેલ છે.અને અન્ય આરોપીઓની તપાસ હાથ ધરવામાં આવેલ છે. અને પકડાયેલ આરોપી વધુ તપાસ અર્થે ઓઢવ પો.સ્ટેશન ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

<u>આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ:-</u>

(૧) આ ગુન્હાનો મુખ્ય આરોપી અમીતકુમાર ઠાકુર નાઓ અગાઉ રામોલ પોસ્ટેશન ખાતે મારામારીના ત્રણ ગુન્હામાં પકડાયેલ છે. અને હાલમાં તડીપાર છે.

**<u>અમદાવાદ શહેરમાં ફોરવ્હીલ ગાડીઓ ચોરી કરતો રીઢો આરોપી સહિત બે આરોપીઓને ઝડપી પાડી ઘરફોડ ચોરી કરેલ સોના-ચાંદીના દાગીનાઓ તથા એલ.ઇ.ડી ટીવી, ટાટા સુમો ગાડી સહિત ચોરીની અન્ય ચાર ફોરવ્હીલ ગાડીઓ મળી કુલ્લે કિં.રૂ.૬,૩૯,૪૦૦/- નો મુદામાલ કબ્જે કરી ૧૨ જેટલી અનડીટેકટ ફોરવ્હીલ ચોરી અને એક ઘરફોડ ચોરી નો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ.</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં ઘરફોડ ચોરી તથા વાહન ચોરીના તથા મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી શ્રી એસજે.જાડેજા તથા શ્રી સી.બી.ચૌધરી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, બહેરામપુરા ચોકી ત્રણ રસ્તા પાસેથી આરોપીઓ **(૧) ઇરફાન આદમભાઇ ઘાંચી ઉવ.૩૫** રહે. મ.નં.૯, સફાન પાર્ક, કેનાલ પાસે, ફતેવાડી, સરખેજ , અમદાવાદ શહેર મુળગામ- જાંબુ તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર તથા **નં.(૨) ચંદ્રેશ ઉર્ફે ચંદુS/O ચીનુભાઇ પંડયા ઉવ૩૭** રહે. બ્લોક નં.૧૨, પી.એન.ટી. કોલોની, રેલ્વે ક્રોસીંગ પાસે, મણિનગર, અમદાવાદ શહેર નાઓને ઘરફોડ ચોરીની એલ.ઇ.ડી ટીવી તથા મોબાઇલ ફોન તથા ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલ ટાટા સુમો ગાડી મળી કુલ્લે કિં.રૂ.૯૦,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામા આવેલ છે. તપાસ દરમ્યાન

ઉપરોકત આરોપીઓની વધુ તપાસ દરમ્યાન **સોનાચાંદીના દાગિનાઓ કિં.રૂ. ૯૮,૯૦૦/-** તથા આરોપી નં.(૧) **ઇરફાન ઘાંચી** નાએ ચોરી કરેલ ફોરવ્હીલ ગાડીઓ પૈકી **<u>ફોર્સ તુફાન ગાડી-૨</u> કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા <u>ઇન્ડિકા ગાડી કિં.રૂ.-૫૦,૦૦૦/-</u> તથા <u>મારૂતિવાન ગાડી</u> મળી કુલ્લે કિં.રૂ.**૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિં.**રૂ.૬,૩૯,૪૦૦/-** ની મતાનો મુદામાલ કબ્જે કરવામા આવેલ છે.

**<u>આરોપીઓની એમ.ઓ.:-</u>** આરોપી નં.(૧) ઇરફાન ઘાંચી નાનો તેના સાગરિત ઇશાક સાથે મળીને અમદાવાદ શહેરમાં જુદાજુદા વિસ્તારમાં ફરી મોડી રાત્રિના તુફાન્ મારુતિવાન, ઇન્ડિકા, ફન્ટિ તથા બોલેરો પીકપ જેવી ફોરવ્હીલ ગાડીઓ ચોરી કરતો અને પોતે કેટલીક જુની ગાડીઓ ભંગારના ભાવે ખરીદ કરી તેને કબાડી માર્કેટમાં વેચી દેતો અને આ જુની ગાડીઓના આરટીઓ નંબર અને ચેચીસ નંબર લખાવી તે ગાડીના કાગળો સાથે ચોરી કરેલ ગાડીઓ ઉંચા ભાવે ગ્રાહકોને વેચી દેતો હતો તેમજ જે ગાડીઓના ગ્રાહકો ન મળે તે ગાડીઓ કબાડી માર્કેટમાં દુકાન ધરાવતા પોતાના સાગરિત ઇશાક ને આપી દેતો હતો તેમજ બે ગાડીઓ બિંનવારસી જગ્યાએ મુકી દેતો હતો તેમજ જે ગાડીઓનું સેન્ટ્રલ લોક ન હોય તેવી ગાડીઓની ચોરી વધુ કરતા હતા અને ત્રણેક મહિના પહેલા આરોપી નં(૨) ચંદ્રેશ પંડાયા નાને ઇરફાને ચોરી કરવામાં પોતે માહિતગાર છે અને તેને કોઇ બંધ મકાન હોય તો બતાવશો તો તમારી આર્થિક સંકળામણ દુર થઇ જશે તેમ કહી લાલચ આપતા આરોપી નં(૨) ચંદ્રેશ પંડાયાએ ભાઇબીજ ના દિવસે આરોપી નં.(૧) ઇરફાનને જણાવેલ કે પોતાના ઘર પાસે નું એક મકાન બંધ કરીને મકાનમાલિક ફરવા ગયેલ છે જેથી આરોપી નં.(૨) ઇરફાન તેજ દિવસે મોડી રાત્રિના ટાટા સુમો લઇ આવી આરોપી નં.(૨) નાએ જણાવેલ મકાનમાંથી સોનાચાંદીના દાગિના તથા એલઇ.ડી. ટીવી અને મોબાઇલ ફોન ની ચોરી કરી જતો રહેલ

આ કામે પકડાયેલ આરોપીઓની વધુ પુછપરછ કરતા આરોપી નં(૧) નાએ અમદાવાદ શહેરમાં તેના સાગરિત ઇશાક સાથે મળીને મણિનગર, તથા વટવા જી.આઇ.ડી.સી. તથા

નારણપુરા તથા પાલડી તથા ઇસનપુર તથા કૃષ્ણનગર વિસ્તારોમાંથી **તુફાન ગાડીઓ-૪ તથા મારૂતિવાન ગાડીઓ-૩, ઇન્ડિકા ગાડીઓ-૨, મારૂતિ ફ્રન્ટિ ગાડીઓ-૨, બોલેરો પીકપ ગાડીઓ-૨** ની ચોરી કરેલ હોવાનું જણાવેલ છે.

**<u>આરોપીઓનો ગુનાહીત ઇતિહાસઃ-</u>** આરોપી નં.(૧) ઇરફાન ઘાંચી નાનો અગાઉ ત્રણેક વર્ષ પહેલા સરખેજ પોલીસ સ્ટેશન તથા મણિનગર પોલીસ સ્ટેશન તથા સોલા પોલીસ સ્ટેશનમાં ફોરવ્હીલ ગાડીઓની ચોરીના કેસોમાં પકડાયેલ છે. જે કેસો માં જુનાગઢ જીલ્લા જેલ માં પાસા અટકાયત કરવામાં આવેલ ત્યાર બાદ ચારેક મહિના પહેલા આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફોર વ્હીલ ગાડી ચોરીના કેસમાં પકડાયેલ છે અને આરોપી નં.(૨) ચંદ્રેશ પંડયા નાનો અગાઉ કોઇ પોલીસ કેસમાં પકડાયેલ નથી

આમ અમદાવાદ શહેરમા ફોરવ્હીલ ચોરી તથા ઘરફોડ ચોરી બાબતે દાખલ થયેલ નીચે મુજબના અનડીટેક ગુન્હા ડીટેકટ કરવામા આવેલ છે

(૧) ખોખરા પો.સ્ટે. ।ગુ.ર.નં.૯૯/૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ
(૨) વટવા પો.સ્ટે ।ગુ.ર.નં.૧૭૪/૧૬, ઇપીકો ૩૭૯
(૩) ઇસનપુર પોસ્ટે. ।ગુ.ર.નં.૧૩૨/૧૬ ઇપીકો ૩૭૯
(૪) પાલડી પો.સ્ટે. ।ગુ.ર.નં.૭૨/૧૬ ઇપીકો ૩૭૯
(૫) મણિનગર પો.સ્ટે. ।ગુ.ર.નં.૯૦/૧૭ ઇપીકો ૩૭૯
(૬) મણિનગર પો.સ્ટે. ।ગુ.ર.નં.૧૩/૧૭ ઇપીકો ૩૭૯
(૭) ઇસનપુર પોસ્ટે. ।ગુ.રનં.૧૯/૧૭ ઇપીકો ૩૭૯
(૮) કૃષ્ણનગર પો.સ્ટે. ।ગુ.ર.નં.૧૩૫/૧૭ ઇપીકો ૩૭૯
(૯) જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે. ।ગુ.ર.નં.૬૭/૧૬ ઇપીકો ૩૭૯
(૧૦) મણિનગર પો.સ્ટે. ।ગુ.ર.નં.૬૪/૧૭ ઇપીકો ૩૭૯
(૧૧) પાલડી પો.સ્ટે. ।ગુ.ર.નં.૨૩/૧૭ ઇપીકો ૩૭૯
(૧૨) આનંદનગર પોસ્ટે. ।ગુ.ર.નં.૬૨/૧૭ ઇપીકો ૩૭૯
(૧૩) નારણપુરા પોસ્ટે. ।ગુ.ર.નં. ઇપીકો ૩૭૯
(૧૪) દસ બાર મહિના પહેલા રાત્રિના બે એક વાગ્યાના સુમારે વાસણા, બસસ્ટેન્ડ પાસે ભુલેશ્વર પાર્ક, ભાલચંદ્ર સોસા પાસે પાર્ક કરેલ મારૂતિ ફ્રન્ટિ ગાડી ચોરી કરેલ.

આમ અમદાવાદ શહેર ના ફોરવ્હીલ ચોરીના ૧૨ તથા ઘરફોડ ચોરીનો ૧ ગુન્હો મળી ૧૩ જેટલા ગુન્હાઓ શોધી કાઢવામા આવેલ છે.

## <u>સરકારી પોસ્ટ ઓફીસોના શટર તોડી ઘરફોડ ચોરી કરતા આરોપીને પકડી પાડી મોબાઇલફોન નંગ-૭, એલ.સી.ડી. મોનીટર-૧, ડી.વી.આર-૧મળી કુલકિ.રૂ.૬૮,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી ઘરફોડ ચોરીના ત્રણ ગુનાનો ભેદ ઉકેલતી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર</u>

**સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું તેમજ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ**

પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મસઇ જયેશકુમાર ભીખાભાઇ તથા મસઇ રવીકાંત બચુભાઇનાઓએ આપેલ બાતમી હકીકત આધારે મેઘાણીનગર મેન્ટલ બારી બસ સ્ટેન્ડ આગળથી આરોપી ઉપેન્દ્ર રામનરેશ રાઠોડ ઉવ.૩૨ ધંધો:વેપાર રહે, બ્લોક નં.૧૨૧, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ તથા ૭, શક્તિનગરની ચાલી, રામેશ્વર ચાર રસ્તા, હર્ષદ શાહના દવાખાનાની બાજુમાં, મેઘાણીનગર, અમદાવાદ નાને ઝડપી લેવામાં આવેલ જેની પાસેથી મોબાઇલ ફોન કુલ ૭ જેની કિ.રૂ.૫૬,૦૦૦/- તથા એક એલ.સી.ડી.મોનીટર કિ.રૂ.૪૦૦૦/- તથા એક ડી.વી.આર. કિ.રૂ.૮૦૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ જે બાબતે સદરી ઇસમને પુછપરછ કરતાં જણાવેલ કે આજથી આશરે ત્રણેક મહીના અગાઉ રાત્રીના આશરે અઢી વાગ્યાના સુમારે સૈજપુર ટાવર પાસે આવેલ પોસ્ટ ઓફીસના શટરના તાળાં તોડીઅંદરથી તિજોરીમાંથી સેમસંગ જે-૨ ૧૦ નંગ મોબાઇલ પડેલ હોય તેની ચોરી કરેલ. ત્યારબાદ આશરે સવા એક મહીના અગાઉ રાત્રીના સામયે શહેરકોટડા ન્યુ.એમ.સી.મીલ પોસ્ટ ઓફીસના શટરના તાળા તોડી અંદર પ્રવેશી તેમાંથી એક એચ.પી કંપનીનું એલસીડી મોનીટરની ચોરી કરેલ. ત્યારબાદ એકાદ મહીના અગાઉ રાત્રીના સમયે નરોડા રોડ પોસ્ટ ઓફીસના શટરના તાળાં તોડી અંદર પ્રવેશ કરી તેમાંથી એક મોડેમ અને યુ.પી.એસ. ની ચોરી કરેલ. ત્યારબાદ ગઇ તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ રાત્રીના સમયે સૈજપુર કુબેરેશ્વર મહાદેવની બાજુમાં ચિકાગો એન્ટરપ્રાઇઝ નામની દુકાનનું શટર તોડી તેમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડા ૧૪૦૦૦ રૂપિયા તેમજ એક સીસીટીવી કેમરાનું ડીવીઆર ની ચોરી કરેલાની હકીકત જણાવેલ.

જેથી ઉપરોકત બાબતે તપાસ કરાવતાં નીચે મુજબના ગુના દાખલ થયેલ છે'

(૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૨૮/૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

(૨) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૩૮/૧૭ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબ

(૩) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૧૧/૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

આ આરોપી અગાઉ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં તેમજ સને ૨૦૦૮ માં નારણપુરા પોલીસ સ્ટેશન એક્ટીવા ચોરીમાં પકડાયેલ છે.

## પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ.શ્રીએમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાનહે.કો.રાજેન્દ્ર રામશરણ તથા પો.કો.નિશારઅહેમદ ઉસ્માનમીયાં નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર મીરઝાપુર કોર્ટ જાહેર રોડ ઉપરથી આરોપી હીતેષ @ અક્ષય સ/ઓ રાજુભાઈ @ જયંતીભાઈ ઠાકોર ઉ.વ.૨૦ રહે- કબીરવાડી આશાપુરા મંદીરની

બાજુમા અનીલ સ્ટાર્ચ રોડ બાપુનગર અમદાવાદ શહેર નાને ઝડપી લેવામાં આવેલ જેની પુછપરછ કરતાં પોતે નિકોલ પોલીસ સ્ટેશનમાં ઇગ્લીંશ દારૂના ગુનામાં નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ.ઉપરોકત બાબતે તપાસ કરાવતાંનીકોલ પો.સ્ટે..પ્રોહીગુ.ર.નં.૫૪૮૧/૨૦૧૭ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૮૧ મુજબનોગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૨૪/૧૨/૨૦૧૭ ના કલાક૧૫/૩૦વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરીવધું તપાસ અર્થે નીકોલ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## <u>વેજલપુર પોલીસ સ્ટેશન:</u>

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગંજી પાનાનો હારજીતનો જુગાર રમી રમાતા કુલ-૦૭ આરોપીઓ પાસેથી કુલ્લે રુ ૨,૧૯,૩૦૦/ ના મુદામાલ સાથે પકડી પાડતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

આજરોજ સંયુકત પોલીસ કમીશ્ન શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓની સુચના આધારે કાયદો અને વ્યસ્થા જાળવાવા સારુ તેમજ પો સ્ટે વિસ્તારમાં શાંતી જળવાય રહે તે સારુ તેમજ પ્રોહી જુગારની પ્રવતી નસ્ત નાબુદ કરવા સુચના કરતા આજરોજ અમો તથા બીજા સ્ટાફના માણસો પો સ્ટે ખાતે હાજર હતા દરમ્યાન પો કોન્સ શકીલઅહેમદ મહેબુબખાન બનં ૮૭૯૬ તથા પો કોન્સ અમજદખાન મહેબુબખાન બનં ૫૬૧૬ નાઓને સંયુકત ખાનગી બાતમી હકીકત આધારે મકાન નંબર ૫૫ નવરંગ ટેનામેન્ટ ઇબ્રાહીમ મોલની પાછળ ફતેવાડી ખાતે ઉમરભાઇ યુસુફભાઇ ઘાંચી નાઓ પોતાના આર્થિક લાભ સારુ સદર મકાનમાં બીજા છ આરોપીઓ સાથે મળી ગંજી પાનાનો હારજીતનો જુગાર રમી રમાતા પકડાઇ ગયેલ હોય જેઓની અંગઝડતીની તપાસ કરતા હાથમાંથી તથા પગના આગળના ભાગેથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડા રુ ૧,૧૨,૩૦૦/તેમજ વાહનો કુલ ૨ કિ.રુ ૫૦,૦૦૦/ તેમજ દાવના નાણા રોકડા રુ.૭,૦૦૦/ તેમજ મો.ફોન નંગ.૦૬ કિ.રુ ૫૦,૦૦૦/ તેમજ ગંજીપાના નંગ.૫૨/૫૨ કિ.રુ .૦૦/૦૦ મળી કુલે કિ.રુ ૨,૧૯,૩૦૦/ ના મુદામાલ મળી આવતા ઉપરોકત આરોપીઓને સદર ગુન્હાના કામે આજરોજ તા ૨૪।૧૨।૨૦૧૭ ના કલાક ૨૦।૩૦ વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

## સાબરમતી વિસ્તારની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ

મેં પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મિલકત સંબંધી બનેલ ગુનાઓ શોધવા તથા બનતા અટકાવવા સારૂ મળેલ સુચના આધારે અમો ડી.વી રાણા પોલીસ ઇન્સપેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે.ફર્સ્ટ ગુના રજી. નં.130/2017 ઇ.પી.કો. કલમ 454,457,380 મુજબના ગુનાના કામના ફરીયાદી શ્રીઓની ફરીયાદના કામે તા.07/12/17ના કલાક 09/00 વાગ્યાથી 21/00 વાગ્યા સુધીમાં ફરીના મકાનમાંથી રોકડા રૂપીયા 35,000/- તથા અન્ય કિમતી ચીજવસ્તુઓ મળી કુલ્લે કિ.રૂ.94,000/-ની મત્તાની ચોરી થયેલ તથા સાબરમતી પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નં-133/2017 ઇપીકો કલમ 454,457,380 મુજબના ગુનાના કામના ફરીયાદી શ્રીનાઓની ફરીયાદના કામે તા-18/12/2017ના કલાક 08/45 વાગ્યાથી કલાક 19/00 વાગ્યા સુધીમાં ફરીના મકાનમાંથી રોકડા રૂપિયા 32,000/- તેમજ એક સોનાનુ મંગળસુત્ર તથા સોનાની બે વીંટીઓ કિ.રૂ.50,000/- મળી કુલ્લે કિ.રૂ.82,000/-ની મત્તાની ચોરી થયેલ હોઇ જે ગુનાની તપાસ દરમ્યાન આ કામે આરોપી સુનિલ રતીલાલ રાઠોડ રહે,રોહીતવાસ રામજીમંદીર પાસે ડાંગરવા(ડાભી)ગામ તા.કડી જી.મહેસાણા નાઓને ઝડપી લઇ તપાસ દરમ્યાન આ ગુનાઓમાં ફર્સ્ટ ગુ.ર.નં.130/17 ના ગુનામાં રોકડા રૂ.8,400/- તથા મોબાઇલ ફોન તથા બુટ્ટી તથા પેન્ડલ તથા બે ઘડીયાળો વિગેરે મળી કુલ્લે મુદ્દામાલ 22,740/- તથા ફર્સ્ટ ગુ.ર.નં.133/17ના ગુનામાં મંગળસુત્ર તથા સોનાની વીટી તથા રણી તથા મોબાઇલ ફોન મળી કુલ્લે કિ.રૂ.43,760/-ની મત્તાનો મુદ્દામાલ રીકવર કરી તા-24/12/2017

**નોંધ- આરોપીના હાલ રીમાન્ડ પુરા થતાં જેલ હવાલે કરેલ છે.**

**<u>બાપુનગર પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ તા.૨૪/૧૨/૨૦૧૭ ના રોજ પો.ઇન્સ.શ્રી સા. નાઓના માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેનાં સર્વેલન્સ સ્કોર્ડનાં મ.સ.ઇ.માનાભાઇ ખાતુભાઇ બ.નં.૫૦૯૨ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના <u>પો.કો.ભરતસિંહ મનુભાઇ તથા પો.કો.સુરેશકુમાર ભેમાભાઇ</u> નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે <u>આરોપી :- દેવેન્દ્રભાઇ રામભાઇ પટેલ ઉ.વ.૪૯ રહે.એ/૯ રાજલક્ષ્મી સોસાયટી હર્ષદ કોલોની સામે ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર અમદાવાદ શહેર</u> નાઓએ તેના રહેણાંક મકાનમાંથી વગર પાસ પરમીટે ગે.કા.રીતે. ઇગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા મકાનમાંથી અલગ-અલગ જગ્યાએથી <u>(૧) "ROYAL CHALLENGE Finest Premium WHISKY" 60ML ભરેલ પ્લાસ્ટીકની નાની બોટલ નંગ-૧૪00 જેની કુલ્લે કી.રૂ.૧,૧૨,000/- ગણી શકાય તે (૨) જડતીના રોકડા રૂ.૧૧૩0/- ગણી (3) એક ઇન્ટેક્ષ કંપનીનો મો.ફોન કી.રૂ.૫00/- નો મળી કુલ્લે કી.રૂ.૧,૧૩,૧૩0/- નો મુદ્દામાલ ગણી શકાય તે</u> મુદ્દામાલ સાથે આજરોજ તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૨૧/30 વાગે પકડી અટક કરી ઉપરોકત મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી સદરી ઇસમ વિરૂધ્ધમાં પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.



**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**